**<u>નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭</u>**

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટેના ખર્ચ અંદાજોની વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંક : **SJED/MSM/e-file/17/2026/0015/G**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

<u>વંચાણમાં લીધા</u> :

(૧) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક: અજાક/ગ/આનિશા/૨૦૨૫/૬૩૦૫-૦૬, તા.૧૭/૧૨/૨૦૨૫

(૨) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક: **DSCWG/0122/03/2026** , તા.૧૨/૦૩/૨૦૨૬

<u>આમુખ</u> :

અનુસૂચિત જાતિના લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી સરકારશ્રી દ્વારા રાજ્યના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે રહેવા, જમવાની નિ:શુલ્ક સુવિધા મળી રહે તે હેતુથી રાજયમાં આદર્શ નિવાસી શાળાઓ(કુમાર અને કન્યા) તેમજ ધોરણ ૧૧,૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને નિ:શુલ્ક રહેવા માટે સરકારી છાત્રાલયો(કુમાર/કન્યા) ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના તા.૧૭/૧૨/૨૦૨૫ના પત્રથી અ.જા.ક.પ્રભાગ હસ્તકની આ.નિ.શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાની નવી બાબત દરખાસ્ત અન્વયે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૭.૭૧/- કરોડની જોગવાઈ કરાવવા માટે અત્રે દરખાસ્ત કરેલ હતી, જેનો વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના તા. ૧૨/૦૩/૨૦૨૬ના પત્રથી અ.જા.ક.પ્રભાગ હસ્તકની આ.નિ.શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટે બજેટ જોગવાઈ કરાયેલ રૂ.૭.૭૧/- કરોડના ખર્ચ માટે વહીવટી મંજૂરી આપવા અર્થે અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે નીચે મુજબની ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ.૭.૭૧/- કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | Dining table |
| ૨ | Dining chair |

| | |
|---|---|
| ૩ | Study table |
| ૪ | Study chair |
| ૫ | Wardrobe |
| ૬ | R.O.(50ltr capacity) |
| ૭ | Bed |
| ૮ | Library Table |
| ૯ | Library Chair |

**શરતો** :

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ રાખવાની રહેશે.

(૨) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(3) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

3. આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિના કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૧૭, SCW – ૮ સરકારી છાત્રાલયો/મામાસાહેબ આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૧૦/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u> :

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીની કચેરીઓ (નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬

Signature Not Verified

Signed by:SantoshKumar
Sureshbhai Vasava
Section Officer
Date:2026.05.08
12:42:30 +5:30